ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૮/૨૧-૨૨/ 1972 તારીખ : 2 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ,**
**સહજાનંદ સોસાયટી,** મકાન નં-૧૯,
**ભકિતનંદન સર્કલ પાસે,**
**મું.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૮૨૫૭ ૯૮૦૨૬.**

કેસ નં.૧૮/૨૧-૨૨

**વિષય : ૨૮૨૬ વધુ આકારેલ યુનિટ જમા આપવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૩૧/૦૫/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૨/૦૬/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૧-૨૨/૧૬૭૧ તા.૦૪/૦૬/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૧-૨૨/૧૭૫૬ તા.૧૫/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૬/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી-૨, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૮/૨૧–૨૨ ☜

વાદી :– **શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૬/૨૦૨૧ ◈

હાજર રહયા :– **શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ, મું.સુરેન્દ્રનગર ની ૨૮૨૬ વધુ આકારેલ યુનિટ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૧–૨૨/૧૬૭૧ તા.૦૪/૦૬/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૫/૦૬/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી પટેલ પ્રેમજીભાઈ ગોરધનભાઈ, સુરેન્દ્રનગર ના રહેવાસી છે. તેઓ પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર –૨ માં ગ્રાહક નં–૭૨૬૦૮/૧૨૫૯૫/૬ થી એક કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ માં મીટર રીડર દ્વારા વધુ રીડીગ લેવાઈ ગયેલ હોય, તફાવત ના યુનિટ ( ૧૧૦૮૩–૮૨૫૭) ૨૮૨૬ જમા આપવા માટે તા.૦૪/૦૯/૨૦૨૦ અને તા.૦૧/૦૪/૨૦૨૧ ના રોજ અરજી કરવામાં આવેલ હતી.

૧.૩ વિજ કચેરીમાં વારંવાર ધકકા ખાવા છતાં, અમારી અરજી ધ્યાન પર લેવામાં આવેલ નથી. વાદી સીનીયર સીટીઝન છે તેમજ બીપી ની બિમારી થી પીડીત છે. ઘણો લાંબો સમય વિતી ગયા બાદ પણ, ન્યાય મળેલ નથી, તેમ જણાવે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી નું લેઝર ૮૮૪ પી.આર.ટી જોતા, એવરેજ મહિના નો વિજ વપરાશ ૨૦૧૬ માં ૩૬૩ યુનિટ, ૨૦૧૭ માં ૩૪૫ યુનિટ, ૨૦૧૮ માં ૩૭૨ યુનિટ, ૨૦૧૯ માં ૨૩૪ યુનિટ, ૨૦૨૦ માં ૨૧૫ યુનિટ જોવા મળે છે.( ૮૮૪ પી.આર.ટી આ સાથે જોડેલ છે.)

૨.૨ વાદીનું લેઝર જોતાં, દર બે મહિને કરેલ વિજ વપરાશ મુજબ નું બિલ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ છે. (૧૪૫ પી.આર.ટી આ સાથે જોડેલ છે.)

૨.૩ મીટર રીડર દ્વારા તા.૦૪/૧૧/૨૦૧૯ ના રોજ મીટર રીડીંગ માટે જતા, મીટરમાં રીડીંગ ઓછા જોવા મળતા, વિજ બિલ ની કોપી માં '' ઓવર રીડીંગ છે,'' તેવું લખેલ છે. જેથી, મીટર રીડર દ્વારા લેઝર મુજબ ના છેલ્લા રીડીંગ ૧૧૦૮૩ હોવાથી, '' ઝીરો '' વપરાશનું વિજ બિલ વાદીને આપેલ હતું.

૨.૪ ત્યારબાદ, ફરીવાર બીજા મહિને મીટર રીડર દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ મીટર રીડીગ માટે જતા, મીટર માં ૭૧૮૦ યુનિટ જોવા મળતા, વિજ બિલ ની કોપી માં ''ઓવર રીડીગ છે '' તેવું લખેલ છે. જેથી, મીટર રીડર દ્વારા લેઝર મુજબના છેલ્લા રીડીગ ૧૧૦૮૩ હોવાથી, '' ઝીરો '' વપરાશનું વિજ બિલ વાદીને આપેલ હતું. પણ કોઈ કારણસર, ભૂલથી એસેસમેન્ટ કરતી વખતે, ગ્રાહકના ખાતે યુનિટ ૧૧૦૮૩ થી ૧૧૨૨૦ ઈનપુટ થતા, ૧૩૭ યુનિટ નું બિલ લેઝર માં બનેલ હતું. પણ મીટર રીડર દ્વારા રીડીગ સમયે ગ્રાહકને આપેલ બિલ માં લખેલ ૭૧૮૦ યુનિટ સાચા હતા.

૨.૫ વાદીનું મીટર વિજ કચેરી દ્વારા તા.૨૫/૦૭/૨૦૨૦ ના રોજ સ્થળ પર બદલાવેલ હતું. જે મીટર લેબ માં તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ ખોલવામાં આવતા, મીટરમાં ૮૨૫૭ યુનિટ જોવા મળેલ હતા અને મીટર પણ બરાબર હતું તેવું લેબ રીપોર્ટ માં જોવા મળે છે.. લેબ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૬ સદર મીટર નો એમઆરઆઈ રીપોર્ટ પણ કાઢવામાં આવેલ હતો. જેમાં, પણ મીટર માં જોવા મળેલ છેલ્લા રીડીગ સાથે મેચ થતા જોવા મળે છે. પણ લેઝર ના રીડીગમાં તફાવત જોવા મળે છે.એમઆરઆઈ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી પ્રેમજીભાઈ ગોરધનભાઈ પટેલ, સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ઘર વપરાશનું સીંગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૭૨૬૦૮/૧૨૫૯૫/૬ થી ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, પ્રતિવાદીના મીટર રીડરે ૨૦૧૮ અને ૨૦૧૯ વર્ષ દરમ્યાન તેઓને આપવામાં આવતા દ્વિમાસીક બિલ માં મીટર માં ખરેખર રીડીગ કરતા વધારે રીડીગ નું વિજ બિલ બનાવી ને દ્વિમાસીક વિજ બિલ આપેલ. તા.૨૫/૭/૨૦૨૦ ના રોજ મીટર બદલતા સમયે તેમાં ખરેખર રીડીંગ ૮૨૫૭ હતા. જયારે, તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ વાદીને અપાયેલ વિજ બિલ માં મીટર રીડર દ્વારા વિજ બિલમાં ૧૧૧૧૦ રીડીંગ ની નોંધ કરવામાં આવેલ.

૩.૩ પ્રતિવાદીએ વાદીનું મીટર તા.૨૫/૦૭/૨૦૨૦ ના રોજ બદલાવી અને તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં મીટર નું પરીક્ષણ કરવામાં આવેલ તે સમયે વાદીના મીટરમાં રીડીગ ૮૨૫૭ જોવા મળેલ.

૩.૪ પ્રતિવાદીએ વાદીના જુના મીટર નો MRI ડેટા રજૂ કરેલ છે. તેમજ વાદીના બિલીંગ હિસ્ટ્રી નો ૧૪૫ પીઆરટી રજૂ કરેલ છે. પ્રતિવાદીએ રજૂ કરેલ તા.૩૧/૦૮/૨૦૨૦ નો ડાઉનલોડ MRI ના બિલીંગ હિસ્ટ્રી મુજબ મીટર ના છેલ્લા રીડીંગ ૮૨૫૭ એટલે કે, તા.૩૧/૦૮/૨૦૨૦ ના રીડીંગ ૮૨૫૭ છે. MRI ના બિલીંગ હિસ્ટ્રી ના છેલ્લા ૧૨ માસ ના KWH રીડીગ ને પ્રતિવાદીએ રજૂ કરેલ ૧૪૫ પીઆરટી ના તે સમયના મીટર રીડરે લીધેલ રીડીગ મેચ થતા નથી અને સ્પષ્ટ જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડરે દરેક દ્વિમાસીક રીડીગ દરમ્યાન મીટર માં ખરેખર નોંધાયેલ રીડીગ કરતા વધારે રીડીગ વિજ બિલમાં નોંધી અને વાદીને વિજ બિલ ઈસ્યુ કરવામાં આવેલ છે.

૩.૫ વાદીને મે–જૂન બિલ્ડ ઈન જુલાઈ–૨૦ ના માસમાં તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી એ ૧૧૨૨૦ રીડીગ ની નોંધ કરી વિજ બિલ આપેલ છે. ત્યારબાદ, તા.૨૫/૦૭/૨૦૨૦ ના રોજ મીટર બદલતા સમયે તેમાં રીડીગ ૮૨૫૭ માલૂમ પડેલ છે. તે ઉપરાંત, તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ ડાઉનલોડ કરેલ MRI ની બિલીગ હિસ્ટ્રી મુજબ તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ તેમજ તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ વાદીના મીટર ના રીડીગ ૮૨૫૭ જોવા મળે છે.

૩.૬ તારણ નં–૩.૫ પરથી તેવું તારણ કાઢવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને ૧૧૦૮૩ મીટર રીડીગ – ૮૨૫૭ (ખરેખર નોંધાયેલ રીડીગ) = ૨૮૨૬ યુનિટ ની વપરાશનું વધારે બિલીંગ કરી વિજ બિલ આપેલ છે.

P.G.V.C.L. Bhavnagar

૩.૭ વાદી પ્રતિવાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા ઓ તેમજ ઉપરના અવલોકન પરથી તેવું તારણ કાઢવામાં આ છે કે, વાદીને આપવામાં આવેલ ૨૮૨૬ યુનિટ ની વધારે વિજ વપરાશ નું વિજ બિલ આપવામાં આવેલ છે. પ્રતિવાદીએ વાદીને તેના હવે પછીના બિલમાં એડજસ્ટ કરીને રીફંડ આપવું.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ વાદીને હવે પછીના બિલમાં કુલ ૨૮૨૬ યુનિટ ની વપરાશ રીફંડ/એડજસ્ટ કરી આપવા. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૫/૦૬/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.